॥ गावो विश्वस्य मातरः॥



# શાસ્ત્રોમાં ગૌ મહિમા તથા ગૌ ગૌ સેવા મહિમા

सर्वे देवा गवाङ्गे तीर्थानि तत्पदेषु च।
तद्गुह्येषु स्वयं लक्ष्मीस्तिष्ठत्येव सदा पितः॥
गोष्पदाक्तमृदा यो हि तिलकं कुरते नरः।
तीर्थस्नातो भवेत् सद्यो जयस्तस्यपदे पदे॥
गावस्तिष्ठन्ति यत्रैव तत्तीर्थं परिकीर्तितम्।
प्राणांस्त्यक्त्वा नरस्तत्र सद्यो मुक्तो भवेद् ध्रुवम्॥
(ब्रह्मवैवर्तपुराण, श्रीकृष्णजन्म० २१/९१–९३)

ગાયોના શરીરમાં સમસ્ત દેવગણ નિવાસ કરે છે. અને ગાયોના ચરણમાં સમસ્ત તીર્થ નિવાસ કરે છે. ગાયોના ગુહ્યભાગમાં સદા લક્ષ્મીનો વાસ છે. ગૌની ચરણ રજ નું તિલક જે મનુષ્ય પોતાના મસ્તક પર લગાવે છે, તે તત્કાળ તીર્થજળમાં સ્નાન કરવાનું પુણ્ય પ્રાપ્ત કરે છે અને તેની પદપદ પર વિજય થાય છે. જ્યાં ગાયો રહે છે. એ સ્થાનને તીર્થભૂમિ કહેવાય છે અને એવી ભૂમિમાં જે મનુષ્યનું મૃત્યુ થાય છે તે તત્કાળ મુક્ત થઈ જાય છે, એ નિશ્ચિત છે.

गवां दृष्ट्वा नमस्कृत्य कुर्याच्चैव प्रदक्षिणम्।
प्रदक्षिणीकृता तेन सप्तद्वीपा वसुन्धरा॥
मातरः सर्वभूतानां गावः सर्वसुखप्रदाः।
वृद्धिमाकांक्षता नित्यं गावः कार्याः प्रदक्षिणाः॥

ગૌમાતાના દર્શન તથા નમસ્કાર કરી એમની પ્રદક્ષિણા કરવી. આ પ્રમાણે કરવા થી સાતેય દ્વીપ સહિત ભૂમંડળની પ્રદક્ષિણા થઈ જાય છે. ગાયો સમસ્ત પ્રાણીઓની માતા તથા સુખ દેનારી છે. વૃધ્ધિની ઈચ્છા રાખનાર મનુષ્યએ નિત્ય ગાયોની પ્રદક્ષિણા કરવી જોઈએ.

गावः स्वर्गस्य सोपानं गावो धन्याः सनातनाः।
(ॐ) नमो गोभ्यः श्रीमतीभ्यः सौरभेयीभ्य एव च॥
नमो ब्रह्मसुताभ्यश्च पवित्राभ्यो नमो नमः।
ब्राह्मणाश्चैव गावश्च कुलमेकं द्विधा स्थिम्॥
(विष्णुधर्मोत्तर पुराण द्वि.खंड ४७–४८)

ગાયો સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારા પ્રત્યક્ષ માર્ગભૂતા સોપાન છે તથા તે નિશ્ચિત રૂપથી તથા સદૈવ સમસ્ત ધન સમૃધ્ધિની મૂળભૂત સનાતન કારણ રહી છે. લક્ષ્મીને પોતાના શરીરમાં સ્થાન આપનારી ગૌને નમસ્કાર! સુરભિના કુળમાં ઉત્પન્ન ગૌને નમસ્કાર! બ્રહ્મપુત્રી ગૌને નમસ્કાર! અંતઃર્બાહ્ય થી સદા પવિત્ર તથા સુંદુર સુધી સમસ્ત વાતાવરણને શુદ્ધ તથા પવિત્ર કરનારી ગૌઓ ને વારંવાર નમસ્કાર!

વાસ્તવમાં ગૌ અને બ્રાહ્મણ બંને એક જ કુળના પ્રાણી છે, બંને માં વિશુદ્ધ તત્વ વિધમાન રહેલું છે.

गाश्च शुश्रुषते यश्च समन्येति च सर्वशः।
तस्मै तुष्टाः प्रयच्छन्ति वरानपि सुदुर्लभात्॥
ब्रह्योत्र मनसा वापि गोषु नित्यं सुखप्रदः।
अर्चयेत सदा चैव नमस्कारैश्य पूजयेत्॥
दान्तः प्रीतमना नित्यं गवां व्युष्टिं तथाश्नुते।

જે પુરૂષ ગાયોની સેવા કરે છે અને સર્વ પ્રકારે તેમનું અનુગમન કરે છે, એની પર સંતુષ્ટ થઈને ગાયો એને અત્યંત દુર્લભ વર પ્રદાન કરે છે. ગાયોની સાથે મનથી પણ કયારેય દ્વેષ ન કરે, તેને

**સ્વ. શ્રી ગુલાબસિંહ ખેંગારજી ઝાલાના સ્મરણાર્થે હ. શ્રી મેહુલભાઈ (રાજકોટ)**

સદા સુખ પહોંચાડે, એમનો યથોચિત સત્કાર કરે અને નમસ્કાર આદિ દ્વારા એમનું પુજન કરતા રહેવું. જે મનુષ્ય જીતેન્દ્રિય તથા પ્રસન્નચિત્ત રહીને નિત્ય ગૌની સેવા કરે છે, તે સમૃધ્ધિ ને પ્રાપ્ત કરે છે.

गोभिस्तुल्यं न पश्यामि घनं किंचिदिहाच्युत॥
कीर्तनं श्रवणं दानं दर्शनं चापि पार्थिव।
गवां प्रशस्यते वीर सर्वपापहरं शिवम्॥
गावो लक्ष्म्याः सदा मूलं गोषु पाप्मा न विद्यते।
अन्नमेव सदा गावो देवानां परमं हविः॥
स्वाहाकारवषट्कारौ गोषु नित्यं प्रतिष्ठितौ।
गावो यज्ञस्य नेत्र्यो वै तथा यज्ञस्य ता मुखम्॥
अमृतं ह्यव्ययं दिव्यं क्षरन्ति च वहन्ति च।
अमृतायतनं चैताः सर्वलोकनमस्कृताः॥
निविष्टं गोकुलं यत्र श्वासं मुञ्चति निर्भयम्।
विराजयति तं देशं पापं चास्यापकर्षति॥
गावः स्वर्गस्य सोपानं गावः स्वर्गेऽपि पूजिताः।
गावः कामदुहो देव्यो नान्यत् किंचित् परं स्मृतम्॥
इत्येतद् गोषु मे प्रोक्तं माहात्म्यं भरतवर्षभ।
गुणैकदेशवचनं शक्यं पारायणं न तु॥
(महाभारत दानधर्मपर्व)

(મહર્ષિ ચ્યવન રાજા નહુષને કહે છે) પોતાની મર્યાદાથી ચ્યુત ન થવાવાળા હે રાજેન્દ્ર, હું આ સંસારમાં ગાયોથી મોટું કોઈ ધન જોતો નથી. હે વીર ભુપાલ ગાયોના નામ અને ગુણોનું કિર્તન તથા શ્રવણ, ગોદાન તથા ગૌદર્શન આની શાસ્ત્રોમાં ઘણી પ્રશંસા કરવામાં આવી છે. આ કૃત્યો સંપૂર્ણ પાપો ને દુર કરી ને પરમ કલ્યાણની પ્રાપ્તિ કરાવવા વાળા છે. ગાયો લક્ષ્મીનું મૂળ છે. તે સર્વથા પાપરહિત છે. ગાયો મનુષ્યો ને સર્વદા અન્ન તથા દેવતાઓ ને હવિષ્ય આપવા વાળી છે. સ્વાહા અને વષટકાર સદા ગાયોમાં પ્રતિષ્ઠિત છે. ગાયો જ યજ્ઞનું સંચાલન કરનારી તથા તેનું મુખ છે. તે વિકારરહિત દિવ્ય અમૃત ધારણ કરનારી તથા દોહવા પર અમૃત આપનારી છે. તે અમૃત ની આધારભૂત છે. સમસ્ત સંસાર તેની સામે નતમસ્તક થાય છે. ગાયોનો સમુદાય જયાં બેસીને નિર્ભયતાપૂર્વક શ્વાસ લે છે, તે સ્થાનની શોભા વધારી દે છે. ત્યાંના પાપોને ખેંચી લે છે, ગાયો સ્વર્ગની નિસરણી છે. ગાયો સ્વર્ગમાં પણ પુજાય છે. ગાયો સમસ્ત કામનાઓને પૂર્ણ કરનારી દેવીઓ છે. તે સર્વશ્રેષ્ઠ છે. હે ભરતશ્રેષ્ઠ! આમ ગાયોનું મહત્વ બતાવ્યું છે. તેમાં એમના ગુણોનું દિગ્દર્શન માત્ર કર્યું છે. ગાયોના સંપૂર્ણ ગુણોનું વર્ણન તો કોઈ કરી જ નથી શકતું!

पितृसद्मानि सततं देवतायतनानि च।
पूयन्ते शकृता यासां पूतं किमधिकं ततः॥
घासमुष्टिं परगवे दघात् संवत्सरं तु यः।
अकृत्वा स्वयमाहारं व्रतं तत् सार्वकामिकाम्॥
(महाभारत अनुशासनपर्व, दानधर्मपर्व, अ० ६९)

જેમના છાણથી લીંપણ કરવાથી દેવતાઓના મંદિર તથા પિતૃઓના શ્રાધ્ધસ્થાન પવિત્ર થાય છે, એમનાથી વધુ પાવન કોણ હોઈ શકે છે? જે એક વર્ષ સુધી પ્રતિદિન સ્વયં ભોજન કરતા પહેલા અન્યની ગાયને એક મૂઠ્ઠી ઘાસ ખવડાવે છે, તેનું આ વ્રત સમસ્ત કામનાઓ પૂર્ણ કરવાવાળું કહેવાયું છે.

गावः पवित्रा माङ्गल्या गोषु लोकाः प्रतिष्ठिताः॥
शकृन्मूत्रं परं तासामलक्ष्मीनाशनं परम्।
गवां कण्डूयनं वारि शृङ्गस्याघौघमर्दनम्॥

गोमूत्रं गोमयं क्षीरं दधि सर्पिश्च रोचना।
षडङ्गं परमं पाने दुःस्वप्नाद्यानिवारणम्॥
रोचना विषरक्षोघ्नी ग्रासदः स्वर्गगो गवाम्।
यद्गृहे दुःखिता गावः स याति नरकं नरः॥

परगोग्रासदः स्वर्गी गोहितो ब्रह्मलोकभाक्।
गोदानात् कीर्तनाद्रक्षां कृत्वा चोद्धरते कुलम्॥
गवां श्वासात् पवित्रा भूः स्पर्शनात् किल्बिषक्षयः।
(अग्निपुराण)

(ભગવાન ધન્વંતરિ આચાર્ય સુશ્રુતને કહે છે) ગાયો પવિત્ર તથા મંગળકારી છે. તેનામાં સર્વે લોક પ્રતિષ્ઠિત છે. ગાયોનું મૂત્ર તથા ગોબર દરિદ્રતાના નાશનું સર્વોત્તમ સાધન છે. એમના શરીર ને પંપાળવું તથા તેના શૃંગોદકથી સ્નાન સમસ્ત પાપોનું મર્દન કરનારું છે. ગોમૂત્ર, ગોબર, ગોદુગ્ધ, ગોદધિ, ગોઘૃત થતા ગોરોચના- આ ષડંગ ના પાનથી ઉત્કૃષ્ટ ફળની પ્રાપ્તિ તથા દુઃસ્વપ્ન નો નાશ થાય છે. ગોરોચનાથી વિષ અને રાક્ષસો નો વિનાશ થાય છે. ગાયો ને ઘાસ અર્પણ કરનાર સ્વર્ગ ને પ્રાપ્ત થાય છે. જેના ઘરમાં ગાયો દુખી થઈ નિવાસ કરે છે, તે મનુષ્ય નરકગામી થાય છે. બીજાની ગાયને ઘાસ આપવા વાળો સ્વર્ગને તથા ગોહિતમાં તત્પર રહેવાવાળો બ્રહ્મલોક ને પ્રાપ્ત થાય છે. ગોદાન, ગો મહાત્મ્ય કીર્તન તથા ગોરક્ષણ થી મનુષ્ય પોતાના કુળ નો ઉધ્ધાર કરી છે. આ પૃથ્વી ગાયોના શ્વાસની પવિત્ર થાય છે. ગાયોના સ્પર્શથી પાપોનો ક્ષય થાય છે.

गवां कण्डूयनान्मर्त्यः सर्वं पापं व्यपोहति।
तासां ग्रासप्रदानेन महत्पुण्यमवाप्नुयात्॥
तासां च प्रचरं कृत्वा तथैव सलिलाशयम्।
स्वर्गलोकमुपाश्नन्ति बहून्यब्दगणानि तु॥
तासां प्रचारभूमिं तु कृत्वा प्राप्नोति मानवः।
अश्वमेधस्य यज्ञस्य फलं प्राप्नोत्यसंशयम्॥
तासामावसथं कृत्वा नगराधिपतिर्भवेत्।
तथा लवणदानेन सौभाग्यं महदश्नुते॥
कृत्वा शीतातपत्राणं तासां स्वर्गमवाप्नुयात्।
(विष्णुधर्मोत्तरपुराण)

(ભગવાન હંસ કહે છે કે હે બ્રાહ્મણો!) ગાયોના શરીરને ખંજવાળવાથી કે એમના શરીરના કીટાણુંઓને દુર કરવાથી મનુષ્ય પોતાના સમસ્ત પાપોને ધોઈ નાંખે છે. ગાયોને ગોગ્રાસ (ઘાસ) દાન કરવાથી મહાન પુણ્યની પ્રાપ્તિ થાય છે. ગાયોને ચરાવીને જળાશય સુધી ફેરવી જળ પિવડાવવાથી મનુષ્ય અનંત વર્ષ સુધી સ્વર્ગમાં નિવાસ કરે છે. ગાયોના પ્રચારણ માટે ગોચરભૂમિની વ્યવસ્થા કરવાથી મનુષ્ય નિઃસંદેહ અશ્વમેઘ યજ્ઞનું ફળ પ્રાપ્ત કરે છે. ગાયો માટે ગૌશાળાનું નિર્માણ કરી મનુષ્ય નગરશ્રેષ્ઠ બને છે તથા તેમને લવણ ખવડાવવાથી મહાન સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે.

ગાયોની ઠંડી તથા તડકાથી રક્ષા કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.

विष्णुर्यज्ञः समाख्यातः स च गोषु प्रतिष्ठितः।
तस्माद् गावो विनिर्दिष्टा विष्णुरेव पुरातनैः॥
पूज्यास्तास्तु नमस्कार्याः कीर्तनीयाश्च तास्तथा।
तासामाहारदानं च कार्यं शुश्रूषमं तथा॥
शुश्रूषणेनेह गवां द्विजेन्द्राः प्राप्नोति लोकानमलान् विशोकान्।
तस्मात् प्रयत्नेन गवां हि कार्यं शुश्रीषणं धर्मपरैर्मनुष्यैः॥
(तृतीयखण्ड, अ० २९१)

યજ્ઞને ભગવાન વિષ્ણુનું સ્વરૂપ માનવામાં આવે છે અને તે સર્વ અંગો સાથે ગાયોમાં જ પ્રતિષ્ઠિત છે, આથી ગાયોને પણ પ્રાચીન આચાર્યોએ વિષ્ણુ સ્વરૂપ જ માની છે. તે ગાયો સર્વ પ્રકારે પૂજનીય, કીર્તનીય તથા તેમની સેવા કરવી જોઈએ. હે બ્રાહ્મણો! ગાયો ની સેવાથી મનુષ્ય નિર્મળ તથા દુઃખ શોકરહિત શ્રેષ્ઠ લોકને પ્રાપ્ત થાય છે. અતઃ ધર્મપરાયણ મનુષ્યોએ ખુબ પ્રયત્નપૂર્વક ગાયોની સેવા અવશ્ય કરવી જોઈએ.

**સ્વ. માતૃશ્રી રમાબેન આચાર્યના સ્મરણાર્થે હ. કમલેશ આચાર્ય, માઢી**